# ધનસુરા તાલુકા ભારતીય કિશાન સંઘની બેઠક યોજાઈ




બાયડ તા. ૨૩

ભારતીય કિસાન સંઘ ધનસુરા તાલુકાની ત્રી વાર્ષિક જનરલ બેઠક મંગળવારે મળી આજની બેઠકમાં ખાસ ઉપસ્થિત રાષ્ટ્રીય સદસ્ય શ્રી મગનભાઈ પટેલ તેમજ પ્રદેશ પ્રતિનિધિ શ્રીમતી કલ્પનાબેન પટેલ તથા અરવલ્લી જિલ્લા મંત્રી પ્રેમજીભાઈ પટેલ તથા ધનસુરા તાલુકા પ્રમુખ ધનસુખભાઈ કે પટેલ મંત્રી કેશુભાઈ. એચ. પટેલ તથા મોડાસા તાલુકા પ્રમુખ ગંજાનંદભાઈ તથાબાયડ તાલુકા પ્રમુખ અમરાકાકા તાલુકા મંત્રી છગનભાઈતથા તલોદ તાલુકા પ્રમુખ કોદરભાઈ.તથા તાલુકા કારોબારી સભ્યશ્રીઓ તથા મોટી સંખ્યામાં ૩૧૦. કિસાનો ૫૫ મહિલાઓ ગામથી પધારેલ ખેડૂત મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા આજની મીટિંગમાં વાર્ષિક હિસાબો વંચાણે લઈ સર્વાનુમતે મંજુર કરેલ તેમજ નવા ત્રણ વર્ષ માટે નવી કારોબારીની રચના કરેલ ભારતીય કિસાન સંઘ ધનસુરા તાલુકા પ્રમુખ તરીકે શ્રી બાબુભાઈ કે પટેલ મેદીકંપા મંત્રી તરીકે કેશુભાઈ એચ પટેલ હિરાખાડીકંપા ઉપપ્રમુખ તરીકે વિનુભાઈ સી પટેલ ગામ સેમરીકંપા સહમંત્રી તરીકે દિલીપભાઈ કે દોલપુર કોષાધ્યક્ષ તરીકે રતિભાઈ એન પટેલ ગામ શાંતિપુરાકંપા સર્વાનુમતે વરણી કરેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વે કારોબારીએ સહયોગ આપી ભારે જહેમત ઊઠાવી હતી અને સહયોગઆપ્યો હતો અને આભાર વિધિ પટેલ ધનસુખભાઈ કરી મીટીંગનુ આયોજન પટેલ દિલીપભાઈએ કર્યું.

### તસ્કરોએ સ્મશાનને પણ ન છોડ્યું

# ભિલોડાના લીલછા ગામના સ્મશાનગૃહની સગડી ચોરનાર ગોવિંદનગરના ત્રણ ચોરને દબોચતી પોલીસ

ભિલોડા,તા.૨૩

કોરોના સંક્રમણ પછી બેરોજગારીમાં નોંધપાત્ર વધારો થયો છે અનેક બેકારીનો ભોગ બનેલ યુવાનો ચોરીના રવાડે ચઢી ગયા છે અને ચોરીની ઘટનાઓ સતત વધી રહી છે ભિલોડા તાલુકાના લીલછા ગામે આવેલ સ્મશાનગૃહમાંથી તસ્કરો લોંખડની સગડીની એંગલો ચોરી જતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી હતી હવે તસ્કરો સ્મશાનમાં રહેલી લોંખડની સગડી પણ નહીં છોડતા તસ્કર ટોળકી સામે રોષ ફેલાયો હતો ભિલોડા પોલીસે લીલછા ગામના સરપંચની ફરિયાદના આધારે ફરિયાદ નોંધી તસ્કર ટોળકીને ગણતરીના કલાકોમાં દબોચી લીધી હતી

ભિલોડાના લીલછા ગામે સ્મશાનગૃહમાંથી સગડી ચોરી થતા ભિલોડા પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમે સ્મશાનગૃહમાંથી લોંખડની સગડી ચોરી કરનાર તસ્કરોને ઝડપી પાડવા બાતમીદારોને સક્રીય કરી ૧)અજય કાંતિ વાઘરી,૨) રાજુ અમૃત બજાણીયા અને ૩)સુરેશ સના વાઘરીને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા ભિલોડા પોલીસે ચોરી કરેલ લોંખડની સગડી રીકવર કરી હતી.






### ધનસુરા પોલીસે એસકે-૨ પીવાના પાણીની પાઈપલાઈનના વાલ્વ ચોરી કરનાર જીગર કોટવાળને દબોચ્યો

ધનસુરા પીએસઆઈ બી.એસ.ચૌહાણ અને તેમની ટીમે શીકા કોલવડા ગામની સીમમાંથી પસાર થતી એસકે-૨ યોજના અંતર્ગત નાખેલ પીવાના પાણીની પાઈપ લાઈનમાં લગાવેલ ૧૩ એરવાલની ચોરી કરનાર રહિયોલના જીગર કાળાભાઈ કોટવાળને ઝડપી પાડી રૂ.૨૩૫૦૦/-નો મુદ્દામાલ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ટી.ડી.ઓ. એ તાત્કાલીક ચાર્જ સોપવા આદેશ કર્યા

# પોશીના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ નવી નિમણૂક થયેલ કલાર્કને કામગીરી ન સોપતાં ફરિયાદ

### સી. આર. સી. કામગીરી સંભાળતો હોવાની રાવ

બાયડ તા. ૨૩

પોશીના તાલુકા પંચાયતની શિક્ષણ શાખામાં નવી નિમણૂંક થયેલ સિનિયર કલાર્કને કામગીરી ન સોંપાતા અને શાળાઓના ભવિષ્યને નજર અંદાજ કરી સી.આસ.સી. કામગીરી સંભાળતો હોવાની ફરિયાદ પછી પોશીના તાલુકા વિકાસ અધિકારીએ સિનિયર કારકુનને કામગીરી સોંપવાનો લેખિત આદેશ કર્યો છે. તાલુકા પંચાયતની શિક્ષણ શાખામાં ભ્રષ્ટાચારનો સડો બેકાબુ બનતાં અનેક પ્રા. શિક્ષકોમાં રોષ જોવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કામગીરીથી માંડી સી.આર.સી. ને તાબાની શાળઓની શિક્ષણ ગુણવત્તા વગેરે જોવાનું હોવા છતાં એક. સી. આર. સી.ને તાલુકા પંચાયતના શિક્ષણ શાખામાં બેસાડી કામગીરી કરાતી હતી અને વહીવટદાર તરીકે પંકાતો હોવાની લોકચર્ચા સાંભળવા મળી હતી. શિક્ષણ શાખામાં કલાર્કની જગ્યા ખાલી હતી જેથી વહીવટી તંત્ર દ્વારા મહેકમ આધારિત જે.બી. સુથારની સિનિયર કલાર્ક તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી પરંતુ મલિન ઈરાદો ધરાવતા ટી.ડી.ઓ. દવારા તેમને કામગીરી સોપવાના બદલે પોતાના માનીતા એક સી.આર.સી. ને કામગીરી આપી હતી પછી શરૂ થયો ચણભણાટ અને રજૂઆતો થતાં પોશીના તાલુકા વિકાસ અધિકારીએ તાબડતોબ સિનિયર કલાર્કને કામગીરી સોંપવાનો લેખિત આદેશ કરતાં હચચલ જોવા મળી છે.

# જિલ્લામાં દેખાવડા મહિલા અધિકારી સામે ટગર ટગર જોતાં અધિકારીની ફીરકી લેવાઈ

### બેનનો મોબાઈલ નંબર માંગતા પરસેવો છૂટ્યો

બાયડ તા. ૨૩

જિલ્લામાં દેખાવડા મહિલા અધિકારી સામે ટગર ટગર જોતા અધિકારીની ફીરકી ઉતર્યાની ગરમાગરમ ચર્ચાએ અત્ર-તત્ર-સર્વત્ર ચર્ચાનું દ્વાર ખોલી નાખ્યું છે. ચકોર મહિલા અધિકારીએ નિયત પારખી લઈ અધિકારી મહાશય પાસે બેન (પત્ની)નો મોબાઈલ નંબર માંગતા જ એ.સી. ચેમ્બરમાં પરસેવો છૂટ્યાની ચર્ચા જોરમાં છે.

જિલ્લામાં અગાઉ એક મહિલા અધિકારીના ઈશ્ક મિજાજની ચર્ચાથી અનેક વિભાગોમાં હલકલ મચી હતી અને હવે ફરી દેખાવડા મહિલા અધિકારી માત્ર પોતાના કામ સાથે જ મતલબ રાખે છે પરંતુ એક અધિકારી મહાશયને ટગર ટગર જોવાનુ કુટેવ પડતાં થોડાક દિવસો સુધી ચાલ્યું... કોઈને જેવો સ્વભાવ તે થોડો બદલી શકાય તે સ્ત્રી સહજ ભાવે સમજતા મહિલા અધિકારીએ ઘણી બધી બાબતો લેઈટ ગો કરી પરંતુ પછી લાગ્યું કે આમાં દાનત સારી જણાતી નથી જેથી ચર્ચા દરમિયાન વાત વાતમાં જ બેનનો મોબાઈલ નંબર આપવાની વાત કરતાં પત્નીથી ડરતા અને ઘરે જતાં પહેલાં મોબાઈલનું નિરીક્ષણ કરતાં અધિકારીને કહેવાય છે કે એ.સી. ચેમ્બરમાં જ પરસેવો થઈ ગયો હતો. આ પરસેવો મહિલા અધિકારીના કારણે હતો કે પછી ભાદરવાના આંતરા-ચિતરા તાપને કારણે તેમનું બી.પી. હાઈ - લો થયું તેના કારણે !! તે જાણી શકાયું નથી.

# ધાનેરા તાલુકાના સામરવાડા ગામમાં સ્વચ્છતા અભિયાનનો ફિયાસ્કો

ધાનેરા, તા. ૨૩

રાજયભરમાં પ્રધાનમંત્રી ના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગામડાંઓને સ્વચ્છ રાખવા માટે અથાગ પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે ધાનેરા તાલુકાના સામરવાડા ગામમાં છેલ્લા ઘણા સમયથી સફાઈ કામગીરી પર અનેક સવાલો ઉઠવા માંડ્યા છે ગામમાં જાહેર રસ્તા પર ગટરો ગંદકીથી ઉભરાઈ છે તેમજ રસ્તા પર ખુલ્લેઆમ કચરા નાં ઢગ જોવા મળી રહ્યા છે આ ગંદકીના લીધે કોરોના મહામારી વચ્ચે ગમે ત્યારે ગંભીર રોગચાળો ફેલાવાની દહેશત હોવા છતાંય સરપંચ તલાટી દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે બીજી તરફ ગ્રામ પંચાયત દ્વારા ગામની અંદર જે નવીન સી.સી રોડની કામગીરી કરવાંમા આવી હતીં તે પણ તકલાદી કરવામાં આવી હોવાથી રોડ બન્યાના થોડાજ દિવસોમાં જ તૂટી જવાં પામ્યા છે ઉપરાંત ગ્રામ પંચાયત દ્વારા ગામની અંદર બનાવવામાં આવેલ ગટરો પણ તૂટી જવાં પામી છે જેને રીપેરીંગ કરવામાં પણ કોઈજ રસ નથી,ગામના લોકોના મતથી ચુંટાયેલા સરપંચ જ બે જવાબદાર બનીને ગામમાં વિકાસના કામો કરવાના બદલે બધું બરાબર હોય તે રીતે વહીવટ કરી રહ્યા હોય ત્યારે ફરીયાદ પણ કોને કરવી એ પણ એક મોટો સવાલ છે.

# પાલનપુરમાં એસ.ટી નિગમ કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈ ધારાસભ્ય મહેશ પટેલને આવેદનપત્ર અપાયું

પાલનપુર, તા. ૨૩

એસ.ટી વર્કર્સ યુનિયન, એસ.ટી કર્મચારી મંડળ, એસ.ટી મજદુર સંઘ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ દર્શાવ્યો. અનેક વખત લેખીત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં પડતર પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી

એસ.ટી નિગમ કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે પાલનપુરના ધારાસભ્યને એસ.ટી વર્કર્સ યુનિયન, એસ.ટી કર્મચારી મંડળ, એસ.ટી મજદુર સંઘ પાલનપુર વિભાગ દ્વારા આવેદનપત્ર પત્ર પાઠવવામાં આવ્યું છે.

એસ.ટી નિગમ કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા આજે મંગળવારે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલને એસ.ટી વર્કર્સ યુનિયન, એસ.ટી કર્મચારી મંડળ, એસ.ટી મજદુર સંઘ પાલનપુર વિભાગ દ્વારા આવેદનપત્ર પત્ર પાઠવી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ દર્શાવ્યો હતો.

સમસ્યાનું તાત્કાલીક નિરાકરણની માંગ કરાઈ ગુજરાતમાં વા.વ્ય. નિગમના કર્મચારીઓના ઘણા લાંબા સમયથી પડતર પ્રશ્નો માટે નિગમ ત્રણેય માન્ય સંગઠનો દ્વારા લેખીત તથા મૌખિક રજૂઆતો નિગમ કક્ષા સહિતમાં કરવા છતાં આજદિન સુધી તે પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી. જેથી એસ.ટી નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નનો સત્વરે ન્યાયીક નિકાલ આવે તે માટે આજે મંગળવારે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલને આવેદનપત્ર આપી સરકારમાં યોગ્ય રજૂઆત કરવા વિનંતી કરી છે.

### સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ

# પોગલુના મહંતનું લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સન્માન

### સમાજ પ્રત્યેની સેવા અને પ્રતિબદ્ધતા બદલ સન્માન પત્ર આપી સન્માન કરવામા આવ્યુ

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પોગલુ ખાતે આવેલ વારાહી શક્તિપીઠ પોગલુના મહંત તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજના અધ્યક્ષ સુનીલદાસ મહારાજનુ કોરોના કાળમાં સેવા ઓને લઈને લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા પ્રમાણ પત્ર આપી ને સન્માન કરવામા આવ્યુ.

ભારત સહિત સમગ્ર વિશ્વ મા લોકો કોરોનાની મહામારી સામે લડી રહ્યુ છે ત્યારે ગુજરાત મા વિવિધ જગ્યાએ લોકો પોતાની શક્તિ પ્રમાણે અને તેનાથી પણ વધારે મદદકરી રહ્યા છે ત્યારે પ્રાંતિજ ના પોગલુ ખાતે આવેલ શ્રી વારાહી શક્તિપીઠ પોગલુ ના મહંત તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજ ના અધ્યક્ષ મહંત સુનીલદાસજી બલરામદાસજી મહારાજ નુ સેવા પરમો ધર્મ સૂત્રને સાર્થક કરી માનવ ધર્મ નિભાવી રહ્યા છે ત્યારે કોરોના કાળમા સેવા આપવા બદલ લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા આવા નિસાર્થ સેવા આપી રહેલ કોરોના વોરીયર્સો ની સેવાઓને લઈ ને તેવોને વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ દ્વારા સન્માનિત કરવામા આવ્યા હતા અને લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા ની સમાજ પ્રત્યેની સેવા અને પ્રતિબદ્ધતા બદલ સન્માન પત્ર આપવામા આવ્યુ હતુ જેમા સંસ્થા ના યુરોપ ના પ્રેસિડેન્ટ વિલિયમ ઝેયલટ તથા ભારત ના પ્રેસિડેન્ટ સંતોષ શુકલા દ્વારા તેવોના કામની પ્રશંસા કરી ગુજરાત ના પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ ત્રિવેદી , વાઈસ પ્રેસિડેન્ટ દિવ્ય ત્રિવેદી દ્વારા ગાંધીનગર ખાતે પોગલુ ના મહંત સુનીલદાસજી મહારાજ ને સન્માન પત્ર આપીને સન્માનિત કરવામા આવ્યા.




# જૂના ડીસા ગામે આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સોની અટકાયત

ડીસા, તા. ૨૩

ડીસાના જુનાડીસા ગામે સરકારી દવાખાના પાસે આવેલ ગામના ગોંદરે આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમી રમાડી રહ્યા બે શખ્સો ને ડીસા તાલુકા પોલીસે ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી...

બનાસકાંઠા જિલ્લામાં જુગાર ધારા ને નાબૂત કરવા માટે જિલ્લા ની પોલીસ એક્શન મોડ માં છે.ત્યારે આજે ડીસા તાલુકા પોલીસ પેટ્રોલિંગ માં હતી તે દરમિયાન ડીસા તાલુકાના જુનાડીસા ખાતે ગામના ગોંદરે સરકારી દવાખાના ની બાજુમાં કેટલાક શખ્સો ડાયરીમાં આંકડા લખી આંક ફરકનો વરલી મટકાનો ગેર કાયદેસર પાસ પરમીટ વગર જુગાર રમી રમાડી રહ્યા હોવાની ડીસા તાલુકા પોલીસ ને ખાનગી રાહે બાતમી મળતા ડીસા તાલુકા પોલીસે બાતમી ના આધારે રેડ કરતા બે શખ્સો (૧) નરેશકુમાર દિનેશભાઈ ભાટિયા(મોદી) રહે. ભાટવાડાજૂનાડીસા (૨)તેજમલ સિંગ ઉર્ફે બકાજી ભૂપતજી ઠાકોર રહે.શીધ અંબિકા માતાના મંદિર પાછળ જુના ડીસા ને કોર્ડન કરી ઝડપી પાડ્યા હતા. ડીસા તાલુકા પોલીસે બે શખ્સો પાસેથી રોકડ રકમ ૨૨૫૦ રૂપિયા તેમજ બે મોબાઈલ કિંમત ૫,૫૦૦ આમ કુલ મુદામાલ ૭,૭૫૦ ના મુદામાલ સાથે ઝડપી જુગાર ધારા એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી...

**ડીસા તાલુકા પોલીસે બે શખ્સોને ૭,૭૫૦ મુદામાલ સાથે ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી.**

## જન્મદિને વધામણી



જીતુભાઈ સોની
ડેમાઈ તા. બાયડ



તામેશભાઈ પટેલ
નાયબ મામલતદાર, બાયડ



જીગર હર્ષદભાઈ પટેલ(મુખી)
બાયડ

**રક્તદાન મહાદાન**

# પ્રાંતિજ ખાતે ફલાવરનું બિયારણ ખરાબ નિકળતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો

### ખેડ, દવા, બિયારણ, પાણી, સહિત મહેનત પાણીમાં ગયું : પ્રાંતિજના ફલાવર પકવતા ખેડુતોને કરોડોનું નુકસાન




પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ફલાવર પકવતા ખેડુતો ને ફલાવર નુ બિયારણ ખરાબ નિકળતા હાલતો ખેડુતો ને રાતા પાણીએ રોવા નો વાળો આવ્યો છે અને પાંચ કરોડ થી વધારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. પ્રાંતિજ ખાતે ફલાવર પકવતા ખેડુતોને સીઝન્ટા કંપનીનુ ૧૫૨૨નુ ફલાવરનુ બિયારણ ખરાબ નિકળતા ૨૫૦ થી ૩૦૦ વિઘામા વાવેતર કરેલ અને તે બિયારણ ખરાબ નિકળતા હાલતો ખેડૂતો ને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે જેમા નિખીલ પટેલ-૧૫ વિઘા, નિક્ષિત પટેલ-૧૦, ભાવેશ પટેલ-૭ વિઘા, મયુર પટેલ ને-૧૦ વિઘા સહિત અન્ય કુલ-૨૫૦થી૩૦૦ વિઘા જમીન મા ફલાવર નુ વાવેતર કરવામા આવ્યુ છે અને બિયારણ રેસાવાળુ નિકળતા હાલતો ખેડુતો ઉપર પડયા ઉપર પાટુ જેવો ઘાટ ઘડાયો છે જેમા પહેલા કોરોના અને બાદમા અતિવૃષ્ટિ થી અને હવે બિયારણ ફેલ ગયુ તો ફરી તૈયાર થયેલ ફલાવર ના પાકમા રેસાવાળુ ફલાવર જોવા મળતા ખેડુતો ના ખેતરો મા તૈયાર થયેલ પાક ફેલ ગયો છે ત્યારે કંપનીમા રજુઆત કર્યા બાદ પણ કંપનીમા કોઈ સાભરવા તૈયાર ના હોય તેવુ ખેડૂતો જણાવી રહ્યા છે ત્યારે હાલતો ખેડૂતો ને ખેડ, બિયારણ, દવા, પાણી સહિત મહેનત -મજુરી પણ પાણીમા જતા ખેડૂતોને મોટુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે ખેડૂતો દ્વારા ઉપર સુધી રજુઆત કરવામા આવે છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે ખેડૂતો ને ન્યાય મળશે કે પછી ખેડૂતોને ખેડ, બિયારણ, દવા, પાણી સહિતનો ખર્ચ માથે પડશે એ તો હવે જોવુ રહ્યુ.

**ખેડૂત ભાવેશ ભાઇ પટેલનું શુ કહેવુ છે**

અમે કંપનીમા જાણ કરી તો કંપની એ વેધરના લીધે હાલ રેસાવાળુ ફલાવર થયુ હોવાનુ જણાવ્યુ હતુ અને હાથ ઉચા કરી દીધા છે.

**ખેડૂત નિખીલ ભાઇ પટેલનુ શુ કહેવુ છે**

અમે ખેડ, બિયારણ, પાણી, દવા, મજુરી, ઉધેર, મહેનત કરી જયારે પાક તૈયાર થતા બિયારણ ખરાબ નિકળતા હાલ અમે કરોડો રૂપિયાનુ નુકસાન થયુ છે.

# અરવલ્લી જીલ્લામાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની થીમ પર ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ યોજાશે

મોડાસા તા.૨૩

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમી,અમદાવાદ દ્વારા આયોજિત તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી અરવલ્લી દ્વારા સંચાલિત ભારતની આઝાદીના ૭૫ વર્ષ અંતર્ગત 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અન્વયે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની થીમ પર ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ યોજાશે.

જે અંતર્ગત આ વર્કશોપનો હેતુ બાળકો 'રાષ્ટ્રીય એકતા દિવસહ્ વિષે જાણે તથા બાળકોની ચિત્રકલામાં રૂચી વિકસે અને તેઓને ચિત્રકલાના વિવિધ માધ્યમોની જાણકારી મળે અને આ હેતુને ધ્યાને લઈ તા.૨૪ ઓક્ટોબર ૨૦૨૧ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ દરમ્યાન ધોરણ ૦૬ થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આ વર્કશોપનું દૈનિક બે કલાક માટેનું આયોજન કરાશે.

વર્કશોપનું સ્થળ તથા સમય નક્કી થયેથી કચેરી દ્વારા જાણ કરવામાં આવશે. અરવલ્લી જિલ્લામાંથી ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ એક સાદી અરજીમાં પોતાનું નામ, સરનામું, જન્મતારીખ, વ્હોટ્સએપ મોબાઈલ નંબર, ધોરણ, સ્કૂલ તથા આધારકાર્ડ નંબર લખી. ઉક્ત વિગત સાથે આધારકાર્ડનો સ્પષ્ટ ફોટો જિલ્લા રમતગમત અધિકારીના ઈમેલ આઈડી :dsoaravalli05@gmail.com પર તા. ૦૯ ઓક્ટોબર ૨૦૨૧ સુધી મોકલી આપવી એમ એક અખબારી યાદીમાં અરવલ્લી જિલ્લા રમતગમત અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવેલ છે.

**અરવલ્લીના ધોરણ ૬ થી ૧૦માં અભ્યાસ કરતા બાળકો ૦૯ ઓક્ટોબર સુધી અરજી કરી શકશે : વિદ્યાર્થીઓ માટે ૨૪ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર વર્કશોપનું દૈનિક બે કલાક માટેનું આયોજન કરાશે**